# કર્ણાટક ચૂંટણીમાં શાંતિપૂર્ણ મતદાન

## ૮મીએ પરિણામ : ચૂંટણીમાં ૩૬૯૨ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ : શરૂઆતમાં ધીમી ગતિએ મતદાન થયા બાદ

## છેલ્લા કલાકોમાં ઊંચું મતદાન, ભાજપ-કોંગ્રેસની પ્રતિષ્ઠા દાવ ઉપર : ઊંચા મતદાન બાદ તર્કવિતર્કનો દોર

બેંગ્લોર,તા. ૫

કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી માટે આજે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ઉંચુ મતદાન યોજાયું હતું. આશરે ૬૦થી ૭૦ ટકા જેટલું ઊંચું મતદાન થયું હતું. આજે



મતદાનની સાથે જ ૩૬૯૨ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. હવે ૮મી એ મતગણતરીની પ્રક્રિયા બાદ ચિત્ર સ્પષ્ટ થશે. જે ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સિલ થઈ ગયા છે તેમાં મુખ્યમંત્રી જગદીશ શેટ્ટાર, કોંગ્રેસના નેતા સિદ્ધા રામૈયા, યેદીયુરપ્પા, કેપીસીજીના પ્રમુખ જી પરમેશ્વરા, નાયાબ મુખ્યમંત્રી કે એસ ઈશ્વરપ્પા અને આર અશોકાનો સમાવેશ થાય છે. આજે મતદાન માટે ૫૨૦૦૦ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા હતા જે પૈકી ૧૦ હજારને અતિ સંવેદનશીલ અને ૧૪ હજારને સંવેદનશીલ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. મતદાન માટે ૬૫૦૦૦ ઈલેક્ટ્રોનીક વોટિંગ મશીનનો ઉપયોગ કરાયો હતો. ૧૦ ટકા ઈવીએમ રિઝર્વ રાખવામાં આવ્યા હતા. ફરજ ઉપર ૨.૫ લાખ અધિકારીઓને મુકવામાં આવ્યા હતા. મતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું હતું. તમામજગ્યાઓએ મતદાન શરૂ થયા બાદ મતદારોની લાંબી લાઈનો જોવા મળી હતી. શરૂઆતમાં મતદાનની પ્રક્રિયા ધીમી રહી હતી. પરંતુ મોડેથી તેમાં તેજી આવી હતી. છેલ્લા કલાકોમાં ઝડપથી ઉંચુ મતદાન થયું હતું.

મતદાનને લઈને તમામ તૈયારીઓ પહેલાથી જ કરી લેવામાં આવી હતી. એક જ તબક્કામાં કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ છે. શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. અસામાજિક તત્ત્વો ઉપર નજર રાખવામાં આવી હતી. કર્ણાટકની પડોશી રાજ્યો સાથેની સરહદો સીલ કરવામાં આવી હતી.

કોઈપણ અનિચ્છનીય બનાવો માટે પગલાં લેવામાં આવ્યા હતા. તમામ જગ્યાઓએ ઈવીએમ મારફતે મતદાન યોજાયું હતું. કર્ણાટકમાં કોંગ્રેસ, ભાજપ સહિતના તમામ રાજકીય પક્ષોની આકરી કસોટી થઈ રહી છે. ભાજપમાં આંતરિક વિખવાદના કારણે તેને નુકસાન થવાની શક્યતા દેખાઈ રહી છે. ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપ અને કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોએ સંપૂર્ણ તાકાત લગાવી દીધી હતી. એકબાજુ શાસક પક્ષ ભાજપ તરફથી તમામ સ્ટાર પ્રચારકોએ ચૂંટણી પ્રચારમાં ભાગ લીધો હતો જેમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ બે વખત રાજ્યના પ્રવાસ કરીને ચૂંટણી સભાઓને સંબોધી હતી. સુષ્મા સ્વરાજ પણ પહોંચ્યા હતા. આ ઉપરાંત અન્ય ભાજપના નેતાઓએ પણ મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા હતા. ભાજપ અને કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ તમામ તાકાત લગાવી ચૂક્યા છે. એકબાજુ પ્રચાર દરમિયાન ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠ્યો હતો. જ્યારે બીજી બાજુ ભાજપે પણ યુપીએ ઉપર ભ્રષ્ટાચારના મુદ્દે પ્રહારો કર્યા હતા. ભાજપ તરફથી રાજનાથસિંહ, અડવાણી, સુષ્મા સ્વરાજ, મોદીએ શ્રેણીબદ્ધ મિટીંગોને સંબોધી હતી. કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી સ્ટાર પ્રચારક તરીકે રહ્યા હતા. કર્ણાટક મોટા રાજ્ય તરીકે છે જ્યાં આવતીકાલે ચૂંટણી યોજાનાર છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ ગુલબર્ગામાં જાહેર સભાને સંબોધી હતી. રાહુલે પણ બુધવારના દિવસે ભાગ લીધો હતો. વડાપ્રધાન મનમોહનસિંહે ચૂંટણી પ્રચાર કરીને ભ્રષ્ટાચારને લઈને પ્રહારો કર્યા હતા.

આજે મતદાન પૂર્ણ થયા બાદ મતગણતરીની પ્રક્રિયા ૮મી મેના દિવસે યોજાશે. વર્ષ ૨૦૦૮ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૩૩.૮૬ ટકા મત મેળવ્યા હતા પરંતુ ૧૧૦ બેઠકો તેને મળી હતી. જ્યારે કોંગ્રેસને ૩૪.૫૯ ટકા મત મળ્યા હતા. કોંગ્રેસને ૮૦ બેઠકો મળી હતી જ્યારે જેડીએસને ૧૯.૧૩ ટકા મત મળ્યા હતા અને ૨૮ બેઠકો જીતી હતી. છ અપક્ષોએ પણ જીત મેળવવામાં સફળતા મેળવી હતી. કર્ણાટકમાં વિધાનસભાની ચુંટણી પહેલા સર્વેમાં આ વખતે જણાવાયું છે કે, કોંગ્રેસને સ્પષ્ટ બહુમતી મળશે. ભાજપ આંતરીક વિખવાદના કારણે ખૂબ મુશ્કેલીમાં છે.

# ફુડ બિલ અંગે હાલ વટહુકમ લાવવાની કોઇ યોજના નથી

## ચર્ચા મારફતે બિલને પસાર કરવાની હિલચાલ : આજે સંસદમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા : સંસદની કામગારી નહી ચાલે તો મહત્વપૂર્ણ બિલ અટવાઈ શકે છે

નવી દિલ્હી,તા. ૫

યુપીએ સરકારના મહત્વકાંક્ષી નેશનલ ફુડ સિક્યુરિટી બિલને અમલી બનાવવા માટે કોઈ વટહુકમ લાવવાની કોઈ યોજના નથી. છેલ્લા કેટલાક દિવસથી આ સંબંધમાં ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. સંસદની કામગારી વારંવાર ખોરવાઈ રહી છે જેથી સંસદના વર્તમાન સત્રમાં જો આ બિલ પસાર થશે નહી તો પણ વટહુકમ લાવવાની કોઈ યોજના નથી. ખાદ્યાન પ્રધાન કેવી થોમસે કહ્યું છે કે વટહુકમ જારી કરવાની કોઈ ઉતાવળ નથી. સાથે સાથે આ સંબંધમાં હજુ કોઈ ચર્ચા પણ થઈ નથી. તેમણે આશા વ્યક્ત કરી છે કે આ બિલને દરેકના ટેકા સાથે સંસદમાં પસાર કરી દેવામાં આવશે. બિલને વહેલી તકે પસાર કરવા માટે જોરદાર ઝુંબેશ ચલાવી રહેલા થોમસે કહ્યું હતું કે વહહુકમ આ સમસ્યાનો ઉકેલ નથી. આગામી સામાન્ય ચૂંટણીમાં યુપીએ સરકાર માટે નેશનલ ફુડ સિક્યુરિટી બિલને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. યુપીએના ચેરમેન સોનિયા ગાંધીના પસંદગીના પ્રોજેક્ટ તરીકે આને જોવામાં આવે છે. ફુડ બિલમાં દેશની ૬૭ ટકા વસ્તીને રેશનિંગની દુકાન મારફતે ૧-૩ રૂપિયા પ્રતિ કિલોના નક્કી કરવામાં આવેલા ભાવથી પાંચ કિલોગ્રામ અનાજ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. થોમસે કહ્યું છે કે જો વટહુકમ એક્ટ સાથે લાગુ થસે નહી તો લાભ મેળવનાર લોકો તેમનો અધિકાર ગુમાવી દેશે. તેમણે કહ્યું હતું કે બિલને યોગ્ય રીતે અમલી બનાવવામાં આવસે. વિશ્વસનીય સુત્રોનુ કહેવુ છે કે ફુડ બિલ સોમવાર અને મંગળવારના દિવસે સંસદીય કારોબારની યાદીમાં છે.

# લાહોરની કોટ લખપત જેલમાં ૨૦ ભારતીય કેદીએ માનસિક સંતુલન ગુમાવ્યુ

નવી દિલ્હી,તા. ૫

લાહોરની કોટ લખપત જેલમાં તાજેતરમાં જ જીવલેણ હુમલો કરવામાં આવ્યા બાદ ભારતીય કેદી સરબજીતસિંહનું સારવાર દરમિયાન મોત થયું હતું. તાજેતરમાં જ નવા આંકડામાં જાણવા મળ્યું છે કે, કોટ લખપત જેલમાં રહેલા ૩૬ ભારતીય કેદીઓ પૈકી ૨૦ કેદીઓ તેમનું માનસિક સંતુલન ગુમાવી ચુક્યા છે અને તેમને હજુ સુધી યોગ્ય તબીબી સારવાર માટે કોઈપણ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા નથી. ભારત-પાકિસ્તાન જ્યુડીશયલ પેનલ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. કરાંચી, લાહોર, રાવલપીંડીમાં પાકિસ્તાનની જેલની મુલાકાત લેનાર કેદીઓ અંગે ભારત-પાકિસ્તાન જ્યુડીશયલ કમિટીએ શોધી કાઢ્યું હતુંકે, કોટ લખપત જેલમાં ૨૦ કેદીઓ, રાવલપીડીંની અદીયાલા જેલમાં ૨ કેદીઓ અને કરાંચીમાં માલીર જેલમાં એક કેદીની હાલત ખરાબ છે. આ કેદીઓ માનસિક રીતે અસરગ્રસ્ત છે. આ કમિટીએ ભલામણ કરી છે કે, ગંભીરરીતે અથવા તો આંશિક રીતે માનસિક રીતે અસ્વસ્થ કેદીઓને વધુ સારી સુવિધા ધરાવતી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવે તે જરૂરી છે.

# કોમવાદી હિંસા અંગે બિલ કોલ્ડ સ્ટોરેજમાં મુકાઈ શકે

નવી દિલ્હી,તા. ૫

કોમવાદી હિંસાને રોકવા સાથે સંબંધિત ઘણી જોગવાઈ ધરાવનાર વિવાદાસ્પદ બિલ યુપીએ-૨ના શાસન દરમિયાન પસાર થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. હવે કાયદા મંત્રાલય દ્વારા તેના મુસદામાં રહેલી જોગવાઈઓ સામે વાંધો ઉઠાવ્યો છે. જેના પરિણામ સ્વરૂપે ગૃહમંત્રાલય દ્વારા રાજ્ય સરકારો સાથે વધુ વાતચીત કરવાની હિલચાલ શરૂ થઈ છે. આનો મતલબ એ થયો કે, કોમ્યુનલ વોઈલન્સ બિલ અથવા તો કોમવાદી હિંસા બિલ કોલ્ડ સ્ટોરેજમાં મુકાય તેવી શક્યતા છે. યુપીએ-૨ના શાસન દરમિયાન આ બિલ પસાર થઈ શકે તેવી સ્થિતિ દેખાઈ રહી નથી. ચોક્કસ જોગવાઈઓ સામે વાંધો ઉઠાવીને કાયદા મંત્રાલયે મુસદા બિલને ગૃહમંત્રાલયને ફરી મોકલી દીધું છે. મુસદા બિલમાં સોનિયા ગાંધીના નેતૃત્વમાં રાષ્ટ્રીય સલાહકાર પરિષદ દ્વારા તૈયાર કરવામાં આવેલા કોમ્યુનલ એન્ડ ટાર્ગેટેડ વોઈલન્સ બિલ ૨૦૧૧માં મોટાભાગની જોગવાઈઓને યથાવત જાળવી રાખવામાં આવી છે. આ બિલમાં ધાર્મિક અથવા લઘુમતી સમુદાય, એસસી, એસટી સહિત ચોક્કસ સમુદાય સામે હિંસાને રોકવા કોઈપણ પક્ષપાત વગર કામગીરી કરવાની જવાબદારી કેન્દ્ર અને રાજ્યો પર નાખવામાં આવી છે. આ બિલમાં એક વિશેષ સંસ્થાની રચનાની પણ વાત કરવામાં આવી છે જે, નેશનલ ઓથોરિટી ફોર કોમ્યુનલ હારમની છે. કાયદા મંત્રાલયનું કહેવુ છે કે, બિલની જોગવાઈઓને વધુ કઠોર કરવાની જરૂર છે.

# કોલ રેગ્યુલેટર અંગે ૭મીએ GOMની મહત્વપૂર્ણ મિટીંગ

## છેલ્લી મિટીંગમાં મતભેદો સ્પષ્ટપણે ઊભરી આવ્યા હતા કોલસાની કિંમત સહિત ઘણા મુદ્દા ઉપર વિખવાદ સર્જાયો

નવી દિલ્હી,તા. ૫

કોલસા સેક્ટર માટે રેગ્યુલેટરી ઓથોરિટીની રચના કરવા અંગે નિર્ણય લેનાર આંતર પ્રધાન સ્તરની પેનલની બેઠક આ સપ્તાહમાં મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. કોલસા રેગ્યુલેટરના સંબંધમાં જીઓએમની આ બેઠકને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કોલસા મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ગ્રૂપ ઓફ મિનિસ્ટર (જીઓએમ)ની બેઠક મૂળભૂત રીતે છઠી મેના દિવસે મળનાર હતી પરંતુ હવે આ બેઠક ૭મી મેના દિવસે મળે તેવી શક્યતા છે.

નાણામંત્રી પી ચિદમ્બરમ્‌ના નેતૃત્વમાં જીઓએમની બેઠક મળશે. જીઓએમની છેલ્લી બેઠકમાં કોઈ પરિણામ આવી શક્યા ન હતા. કારણ કે કોલસાની કિંમત સહિત ચોક્કસ મુદ્દાઓ અંગે સભ્યોમાં જુદા જુદા મત રહ્યા હતા. સૂત્રોનું કહેવું છે કે આવનારી મિટીંગમાં પણ મતભેદો ઊભરી આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ઊર્જા મંત્રાલય માને છે કે રેગ્યુલેટર પાસે ફ્યુઅલ પ્રાઈઝીંગ પાવર રહે તે જરૂરી છે. જ્યારે કોલસા મંત્રાલયે આનો વિરોધ કર્યો હતો. કોલસા પ્રધાન શ્રી પ્રકાશ જેશવાલે ગયા મહિને જીઓએમની બેઠક બાદ કહ્યું હતું કે કોલ રેગ્યુલેટરી બિલ હેઠળ ચર્ચા થઈ છે પરંતુ કોઈ પરિણામ મળ્યા નથી. જીઓએમના સભ્ય તરીકે રહેલા ઊર્જા પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાનું કહેવું છે કે સૂચિત બિલમાં કેટલીક નવી જોગવાઈ ઉમેરવામાં આવશે. ત્યારબાદ બિલનો અંતિમ મુસદો મુકાશે.

### શબ્દ સમીપે (ચોથા પાનાનું ચાલું...)

પૈકી કેટલાંક ખાસ વ્યાખ્યાનો અહીં મુકવામાં આવ્યાં છે.

ગુજરાતની ગૌરવશાળી પ્રકાશન સંસ્થા ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે સ્વામી વિવેકાનંદ આર્ધ શતાબ્દી ગ્રંથમાળા પ્રગટ કરી છે તેના સંપાદક પ્રસાદ બ્રહ્મભટ્ટ હાલમાં અમદાવાદ રહે છે પરંતુ એમનું વતન કડી છે અને જન્મ સ્થલ - વિજાપુર, જિ. મહેસાણા છે. ગુજરાત યુનિવર્સિટીના ભાષા સાહિત્ય ભવનના પ્રોફેસર એમ.એ. પીએચ.ડી. સુધીનો ઉચ્ચ અભ્યાસ તો ધરાવે છે, તે સાથે સાહિત્ય ક્ષેત્રે પણ તેમનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. તેમની નવલકથાઓ નિશા, રાજપુરૂષ, જાણીતી છે. વિવેચન અને અનુવાદ ક્ષેત્રે તેમનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. જે માટે તેમને સાહિત્ય અકાદમી દિલ્હી, ગુજરાત સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પારિતોષિકો અને હરિ ૐ એવોર્ડ પણ પ્રાપ્ત થયેલ છે. તેમજ સાહિત્યિક નિબંધો, વાર્તા વારિધિ જેવાં સંપાદનો પણ લોકાદર પ્રાપ્યો છે. તેમનું આ સંપાદન ગુજરાતની નવી પેઢીને પ્રેરક અને તેમનાં સર્વાંગી જીવન ઘડતરમાં અને તે દ્વારા રાષ્ટ્રના સમુત્કર્ષનાં ઉપકારક પુરવાર થાય તેવું છે. તે માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.


**સાર્ધ સ્તાબ્દી ગ્રંથમાળા પુસ્તકો-૬**
**વિવેકાનંદ - (વેદાંત, ભક્તિ, શિક્ષણ, જ્ઞાનયોગ, રાજયોગ અને કર્મયોગ)**
**સંપાદક - પ્રસાદ બ્રહ્મભટ્ટ**
**પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧**
**કિંમત - ૭૧૦/-**
**(છૂટક અલગ અલગ કિંમતે ઉપલબ્ધ છે)**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨**

# બંસલના ભાવિ અંગે કર્ણાટક ચુંટણી બાદ નિર્ણય થઈ શકે

## કોંગ્રેસ કોર ગ્રુપની મીટિંગમાં રાજીનામા માટેની ઓફરને ફગાવી દેવામાં આવી હોવા છતાં વિરોધપક્ષનું તીવ્ર દબાણ

નવી દિલ્હી,તા. ૫

યુપીએ સરકાર કેન્દ્રીય રેલવે પ્રધાન પવનકુમાર બંસલના ભાવિ અંગે કર્ણાટક વિધાનસભાની ચુંટણી પુર્ણ થયા બાદ અંતિમ નિર્ણય કરે તેવી શક્યતા છે. પવનકુમાર બંસલના ભત્રીજાની લાંચ સ્વીકારવાના આક્ષેપમાં ધરપકડ કરવામાં આવી હતી. તેમના ભત્રીજાની ધરપકડ કરાયા બાદ પવનકુમાર બંસલના રાજીનામાની માંગણી હાલ પુરતી ફગાવી દેવામાં આવી છે. પરંતુ વધતા જતા દબાણ વચ્ચે આગામી દિવસોમાં પવનકુમાર બંસલના ભાવિ અંગે નિર્ણય લેવાની યુપીએને ફરજ પડી શકે છે. પવનકુમાર બંસલની હકાલપટ્ટી કરવાની માંગ દિનપ્રતિદિન વધી રહી છે. કોંગ્રેસ કોર ગ્રુપની મિટીંગ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના નેતૃત્વમાં મળી હતી. શનિવારના દિવસે મળેલી આ બેઠકમાં ઉભી થયેલી સ્થિતિ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. વડાપ્રધાન મનમોહન સિંહના નિવાસે આ બેઠક મળી હતી. વડાપ્રધાને પણ બંસલને વાતચીત કરવા માટે બોલાવ્યા હતા. સુત્રોના જણાવ્યા મુજબ બંસલે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી હતી અને એવો દાવો પણ કર્યો હતો કે, તેમના ભત્રીજા સાથે લાંચના મામલામાં તેમના કોઈ સંબંધ નથી. કોઈ નિર્ણય લેવામાં તેમના ભત્રીજા વિજય સિંગલાએ તેમના પર દબાણ લાવ્યું નથી. રેલ્વે બોર્ડના સભ્યે મહેશકુમાર માટે વધુ સારી જગ્યા ફિક્સ કરવા બદલ ૯૦ લાખની લાંચ લેવા બદલ સીબીઆઈના હાથે બંસલના ભત્રીજા ઝડપાઈ ગયા હતા. નિવેદનમાં બંસલે દાવો કર્યો હતો કે, તેઓ હંમેશા જાહેર જીવનમાં ઉંચાધારા ધોરણ પાળતા આવ્યા છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં રેલ્વે પ્રધાન તરીકે બંસલની નિમણુંક કરવામાં આવી હતી. બંસલે હાલ પુરતી લાંચના મામલામાં સીબીઆઈ તપાસની પણ માંગ કરી છે. આગામી દિવસો બંસલ માટે મુશ્કેલરૂપ હોઈ શકે છે.



અત્રે ઉલ્લેખનીય છે કે, યુપીએ સરકાર એક પછી એક ભ્રષ્ટાચારના સંકજામાં આવી રહી છે. કોલસા કાંડ, ટુજી કાંડ અને હવે લાંચકાંડથી મનમોહન સિંહ સરકાર મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે.

# ૧૪૦૦ કરોડથી વધુની બિન હિસાબી સંપત્તિ શોધી કઢાઈ

## આઈટી વિભાગ દ્વારા સંપત્તિ પકડી પડાઈ : કાળા નાણાંને રોકવાના હેતુસર પ્રયાસો વધુ તીવ્ર બનાવાતા વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં જંગી રકમનો પર્દાફાશ કરાયો

નવી દિલ્હી,તા. ૫

કાળા નાણાંના દુષણને રોકવાના હેતુસર પ્રયાસો વધુ ઝડપી બનાવવામાં આવ્યા છે. જેના ભાગરૂપે નાણાં મંત્રાલયે આ વર્ષના પ્રથમ ત્રણ મહિનાના ગાળા દરમિયાન ૧૪૦૦ કરોડથી વધુની બિનહીસાબી આવક અને સંપત્તિ શોધી કાઢી છે. નાણાં મંત્રાલયને વ્યાપક ચકાસણી કરવામાં આવ્યા બાદ આ સફળતા હાથ લાગી છે.

બનાવટી નાણાકીય લેવડ-દેવડ સાથે સંબધિત માહિતી એકત્રિત કરવાની જવાબદારી સંભાળનાર ફાઈનાન્સિયલ ઈન્ટેલીજન્સ યુનિટ દ્વારા સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (સીબીડીટી)ને ૩૨૦૦૦ શંકાસ્પદ અને બનાવટી બેંક લેવડદેવડ અંગે માહિતી આપી હતી. આ શંકાસ્પદ લેવડ-દેવડ અંગે ટેક્સ સત્તાઓ દ્વારા વધુ તપાસ કરવામાં આવ્યા બાદ બિનહિસાબી આવક અને સંપત્તિ પકડી પાડવામાં આવી હતી. આ સંપત્તિ ૧૪૦૮ કરોડની આસપાસની હોવાનું જાણવા મળ્યું છે. આવકવેરા વિભાગ દ્વારા હવે આ તમામ મામલાઓમાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ટેક્સ વિભાગના અધિકારીઓએ દેશભરમાં ૨૧ કરોડથી વધુની સંપત્તિ પણ જપ્ત કરી છે. સંબંધિત સંસ્થાઓ અને રાજ્ય સરકારો સાથે મળીને સીબીડીટીના અધિકારીઓ તમામ શંકાસ્પદ કેસોમાં તપાસ ચલાવી રહ્યા છે અને માહિતી એકત્રિત કરી રહ્યા છે. બેંકમાં રોકડ જમા, ચેક ક્લીયરન્સ, વ્યક્તિગતો વચ્ચે આંતર બેંક સોદાબાજીમાં ગેરરિતી હોવાનું બહાર આવ્યું છે.

# દિલ્હી ગેંગરેપના કેસમાં મેના અંત સુધીમાં ચુકાદો

નવી દિલ્હી,તા. ૫

દિલ્હી ગેંગરેપ કેસમાં ટ્રાયલ લગભગ ૯૦ ટકા પુરી થઈ ચુકી છે. મેના અંત સુધીમાં સમગ્ર દેશને હચમચાવી મુકનાર આ કેસમાં ચુકાદો આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. દિલ્હીના પોલીસ કમિશનર નીરજકુમાર દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. સમાચાર ચેનલની વાતચીતમાં નીરજકુમારે કહ્યું છે કે, ૧૬ ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે બનેલા સામુહિક બળાત્કારના બનાવમાં ટ્રાયલ ૯૦ ટકા પુરી થઈ ચુકી છે. ચુકાદો મે મહિનાના અંત સુધી આવી શકે છે. ચાલતી બસમાં છ લોકોની ટોળકી દ્વારા ૨૩ વર્ષીય પેરામેડિકલની વિદ્યાર્થીની અમાનવીય બળાત્કારનો શિકાર થઈ હતી. બળાત્કારનો શિકાર થયા બાદ ગંભીર ઈજાના લીધે સારવાર દરમિયાન આ યુવતીનું મોત થયું હતું. સમગ્ર મામલામાં ભારે રોષ થયા બાદ ઝડપથી કાયદા કાનુનમાં ફેરફાર કરાયા હતા. નિરજકુમારની પ્રતિષ્ઠા હાલ દાવ પર લાગી રહી છે. કારણકે એક પછી એક બનાવ બની રહ્યા છે. દિલ્હીમાં ગુનાઓનું પ્રમાણ સતત વધી રહ્યું છે. દિલ્હીમાં બળાત્કારના કેસોમાં ૧૫૮ ટકાનો વધારો થયો છે. જ્યારે સતામણીના કેસોમાં ૬૦૦ ટકાનો વધારો થયો છે.

# ચંદીગઢ ખસેડાયેલા પાક. કેદીની હાલત અતિગંભીર

## જમ્મુની જેલમાં પાક કેદી પર હુમલો થયો હતો : સનાઉલ્લા કોમામા સરી પડ્યાં બાદ તેને વધુ સારવાર માટે ચંદીગઢ લવાયો : હાલ તે વેન્ટિલેટર ઉપર છે

ચંદીગઢ, તા. ૫

પાકિસ્તાનની લખપત જેલમાં ભારતીય કેદી સરબજીત પર હુમલો થયા બાદ ભારતમાં જમ્મુની જેલમાં પાકિસ્તાની કેદી સનાઉલ્લા પર હુમલાનો બનાવ બન્યો હતો. સનાઉલ્લાની હાલત અત્યંત નાજુક છે. પીજીઆઈએમઆરે આ જાણકારી આપી છે. હોસ્પિટલના સુત્રોના જણાવ્યા પ્રમાણે કેદી સનાઉલ્લા કોમામા સરી પડ્યો છે અને હાલ વેન્ટીલેટર પર છે. સનાઉલ્લાને શુક્રવારે સાંજે જમ્મુથી ચંદીગઢ પોસ્ટ ગ્રેજ્યએશન ઈન્સ્ટીટ્યુશન ઓફ મેડિકલ એજ્યુકેશન એન રીસર્ચમાં દાખલ કરાયો છે.

૫૨ વર્ષીય સનાઉલ્લાને ઈન્ટેસિવ કેર યુનિટમાં નિષ્ણાંત તબિબો દ્વારા સારવાર કરવામાં આવી રહી છે. તબિબોની ટીમમાં ન્યુરો સર્જનને પણ સામેલ કરાયા છે. પાકિસ્તાન ઉચ્ચ આયોગના અધિકારીઓ શનિવારે સાંજે સનાઉલ્લાની તબિયત જોવા માટે ગયા હતા. સનાઉલ્લાની આજે પણ અધિકારીઓએ તબિયત જોઇને ડોક્ટરો સાથે રીપોર્ટ માંગ્યો હતો. તબિબોએ શનિવારે રાત્રે જણાવ્યું હતું કે સનાઉલ્લાને પાચન સંબંધી મુશ્કેલીઓ અને અસામાન્ય રક્ત પ્રવાહ જેવી મુશ્કલીઓ સર્જાય છે. જેના માટે નિષ્ણાંત ડોક્ટરો દ્વારા સારવાર ચાલી રહી છે અને તેની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે.જો કે હજી તેની સ્થિતી સામાન્ય નથી. તેનું બ્લડ પ્રેશર ઘટી રહ્યું છે. જમ્મુ હોસ્પિટલથી અહીં લાવ્યા બાદ સનાઉલ્લાની ન્યુરો સર્જને તપાસ કરી હતી જેમાં તેના માથામાં મોટું ફ્રેક્ચર સાથે ઘા જોવા મળ્યો હતો. સીટીસ્કેનમાં પણ ઘા કારણે કોમમાં સરી ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

સનાઉલ્લાની ૧૯૯૯માં ધરપકડ કરવામાં આવી હતી અને તેને જન્મટીપની સજા ફટકારવામાં આવી હતી. કેદીઓના ઝઘડાના મામલે જમ્મુ સરકારે બે જેલના અધિકારીને સસ્પેન્ડ કરી દીધા છે. જેમાં જેલના અધિક્ષક રજની સહગલનો પણ સમાવેશ થાય છે.